**અમદાવાદના મહે. એડીશ્નલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોર્ટ નં. ૪૦.**

<u>ક્રિ. કે. નં. ૧૧૧૬૯૫/૨૦૧૯</u>
આંક :

ફરીયાદી :- સરકારશ્રી,

**<u>વિરુધ્ધ</u>**

આરોપી :- રવિન્દ્ર ગોપાલજી ઠાકોર,
રહે. બ્લોક નં. ૩૪/૮૦૮, ગુ.હા.બોર્ડ,
મેઘાણીનગર,અમદાવાદ.

**<u>ઠરાવ</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની તપાસના અંગે પોલીસે આરોપી સામે ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ બજતાં આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને કેસ પેપર્સની નકલો આપી આંક-૩ થી તહોમતનામું ફરમાવવામાં આવ્યું હતું. આરોપીની આંક-૪ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ સ્વૈચ્છિક રીતે અને કોઈપણ જાતના દબાણ કે ધાક ધમકી વગર ગુનાની કબુલાત કરેલ તેમજ આંક-૫ થી ગુન્હા કબુલાતની પુરશીશ આપીને પોતાને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતા કારણો હોવાનું જણાવેલ છે આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ તેઓ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોઈ ગુના કબુલાતની પુરશીશ રેકર્ડે આવેલ છે.

(૩) આરોપી સામે ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ-૬૬(બી) ૬૫(એ)(એ) મુજબના ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની આંક-૫ ની કબુલાત પુરશીશ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપી ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ તે કુટુંબના એક માત્ર કમાનાર સભ્ય છે, તેના શીરે કુટુંબના ભરણપોષણની જવાબદારી છે, તેઓનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવતા હોય, આથી જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.

(૪) નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના પં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો કેસની હકીકતો ધ્યાને લઈ નીચેની અદાલત કાયદામાં ઠરાવે જોગવાઈ કરતા પણ ઓછી સજા અને દંડ કરી શકે છે. આમ, આરોપીની સ્થિતિ, સંજોગો વગેરે ધ્યાને લેતા સદર ચુકાદો આરોપીને મદદરૂપ થતો હોય, કાયદામહઈહઈક્ષ્ક્ષ્ણઠપઢક્ષ્ઠ ૮':ઉથ્ંલાં ઠરાવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા અને દંડ કરવા માટે વ્યાજબી કારણો જણાતા હોય, ત.ક. અમલદાર તથા આરોપીને સજા અંગે સાંભળ્યા બાદ નીચે મુજબનો હુકમ કરું છું.

**:: આખરી હુકમ ::**

આરોપી રવિન્દ્ર ગોપાલજી ઠાકોર, રહે. બ્લોક નં. ૩૪/૮૦૮, ગુ.હા.બોર્ડ, મેઘાણીનગર અમદાવાદ શહેરનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહીબિશન એકટની કલમ–૬૬(બી) ૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે. અને આરોપીને પ્રોહિબીશન એકટની કલમ – ૬૬(બી) ૬૫(એ)(એ)ના ગુના માટે રૂા. ૨૦૦/– દંડ અને દંડ ન ભરે તો દિન–૭ ની વધુ સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ કુલ દંડ રૂા. ૨૦૦/– જમા કરાવવા.

મુદામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ અંગે નિયમોનુસાર કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ ૨૨મી માહે જુન સને ૨૦૨૪ ના રોજ નેશનલ લોક અદાલતમાં રાખેલ સ્પેશ્યલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૨૨/૦૬/૨૦૨૪

**(વિપિન કુમાર બંસલ)**
એડિશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૪૦.કોડ નં. જી.જે. ૦૧૨૩૩.